આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૨ | ૨૨ એપ્રિલ ૨૦૧૨, રવિવાર, વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

પોતાનું કામ આનંદથી કૌશલ્યથી કરવું એનું નામ યોગ
- ગીતાજી

# ગાંધીનગર બનશે મોડેલ સોલાર સીટી

## જીવરાજ મહેતા ભવનની છત પર એક મેગાવોટ સૌર ઊર્જા ઉત્પન્ન કરવામાં આવશે : પાંચ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદન માટે સરકાર દ્વારા છત આધારિત ગ્રીડ કનેકટેડ યોજનાનો કરાયેલો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા યોજના હેઠળ એક મે.વો. વીજ ઉત્પાદન કરવાનો પ્રથમ પ્રોજેક્ટ જીવરાજ મહેતા ભવન ખાતેથી કાર્યાન્વીત કરવામાં આવશે.

આજે મહાત્મા મંદિર ખાતે બે દિવસીય સેમિનારનાં અંતે પત્રકારો સમક્ષ આ જાહેરાત ઊર્જા વિભાગના અગ્રસચિવ શ્રી ડી.જે. પાંડિયન અને એઝ્યોર કંપનીના સંચાલકોએ સંયુક્ત રીતે કરી હતી.

ગાંધીનગર શહેરમાં છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા પાંચ મે.વો. ઉત્પાદન કરવા માટેનું આયોજન છે. જે પૈકી ૨.૫ મે.વો. વીજઉત્પાદન એઝ્યોર કંપની અને ૨.૫ મે.વો. સન એડીશન દ્વારા કરવામાં આવશે.

૮૦ ટકા સરકારી કચેરીઓના છત પર અને ૨૦ ટકા જેટલા ખાનગી મકાનોની છત પર આ ગ્રીડ ઉભી કરવામાં આવશે. જીવરાજ મહેતા ભવન ખાતે ૨૦ બ્લોક આવેલા છે અને ત્યાંથી ૧ મે.વો. સૌર ઊર્જા ઉત્પાદન માટે રૂ. ૧૦ કરોડનું રોકાણ એઝ્યોર કંપની દ્વારા કરવામાં આવશે.

જીવરામજ મહેતા ભવનની છત પર થનાર આ ઉર્જા ઉત્પાદનને કારણે વાર્ષિક રૂ. ૫૦ લાખની આવક સરકારને થશે તેવો અંદાજ છે તેમ શ્રી પાંડિયને પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

૬૦ જ દિવસમાં આ પ્રોજેક્ટની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જણાવતાં કંપનીના સંચાલકોએ જણાવ્યું હતું કે બે મે.વો. જેટલી ઊર્જા સરકારી મકાનોની છત પરથી કરવામાં આવશે જ્યારે અર્ધા મેગાવોટ ખાનગી મકાનોની છત પરથી કરવામાં આવશે.

છત પર વીજ ઉત્પાદનમાં પ્રતિયુનિટ રૂ. ૩ જે તે મકાન માલિકને ચુકવવામાં આવશે જ્યારે તે રૂ. ૧૧ લેખે આ વીજ ટોરેન્ટ કંપનીને વેચાણે આપશે. સંચાલકોએ જણાવ્યું હતું કે સોલાર ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે કંપનીએ એક પ્રોજેક્ટ મોડાસા નજીક પણ સ્થાપેલો છે.

આ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્યના અન્ય પાંચ શહેરોમાં પણ આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત ઊર્જા વિભાગના અગ્રસચિવ શ્રી પાંડિયને આપ્યા હતા.

શ્રી પાંડિયને જણાવ્યું હતું કે સોલાર ઊર્જા માટે અલાયદી નીતિ જાહેર કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતુ. તેમણે જણાવ્યું હતું કે ભારત સરકાર પણ ગાંધીનગરને મોડેલ સૌર ઊર્જા પ્રોજેક્ટ તરીકે જાહેર કરેલ છે.

એઝ્યોર કંપનીના શ્રી ઈન્દ્રપ્રીત વાઘવાએ જણાવ્યું હતું કે તેમની કંપની ૨૦૧૪ સુધીમાં ૧૦૦ મે.વો. વીજળી સૌર ઊર્જાથી ઉત્પાદન કરી દેશની વીજમાંગમાં મદદરૂપ થવાની ઈચ્છા ધરાવે છે.

તેમણે ગુજરાત સરકારે સૌર ઊર્જાના ઉત્પાદન અને પ્રોત્સાહન માટે અપનાવેલા અભિગમને બિરદાવ્યો હતો.

ગાંધીનગરમાં પાંચ મે.વો. છત આધારિત ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જાનો પ્રોજેક્ટ એક જ વર્ષમાં પૂર્ણ કરી દેવાશે તેમ પણ અગ્રસચિવશ્રી પાંડિયને જણાવ્યું હતું.

## વર્ષાન્તે ગાંધીનગરમાં સાત મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આગામી વર્ષથી સાત મે.વો. સૌર ઊર્જાનું ઉત્પાદન હાથ ધરાશે. આ અગાઉ બે એક એક મે.વો.ના સોલાર પાવર સ્ટેશનો ગાંધીનગરમાં કાર્યરત થઈ ચુકયા છે. જયારે પાંચ મે.વો. સૌર ઉર્જા છત આધારિત પ્રોજેકટ અંતર્ગત હાથ ધરવામાં આવશે.

સમગ્ર દેશમાં સૌર ઊર્જાના ઉત્પાદનમાં અગ્રેસર ગુજરાત રાજયમાં સૌર ઊર્જા ઉત્પાદન માટે અનેકવિધ નાવિન્યસભર પ્રોજેકટ કાર્યાન્વિત કર્યા છે. જેમાં સૌર છતનો પ્રોજેકટ મહત્વનો છે. ગુજરાત સરકારના કલીન કલાયમેન્ટ ઈનીસીયટીવ હેઠળ ગાંધીનગર ખાતે છત આધારિત રૂફ ટોપ ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા યોજના હાથ ધરવામાં આવી છે જે દેશની સર્વપ્રથમ યોજના છે. સરકારી અને ખાનગી મકાનોની છતનો ઉપયોગ કરી પાંચ મેગાવોટ જેટલી સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાનું આયોજન હાથ ધરાયું છે. રાજય સરકારે ગુજરાતના પાટનગર ગાંધીનગરને મોડેલ સોલાર સીટી બનાવવાનું બીડું ઝડપ્યું છે તેના ભાગરૂપે આ યોજના અમલમાં આવી છે. આ યોજના અંતર્ગત પ્રારંભિક તબક્કે રાજય સરકારના ૫૦ મકાનો ઉપર તથા અંદાજે ૫૦૦ ખાનગી મકાનો કે કોમર્શિયલ સેન્ટર્સ ઉપરની છતમાં રૂફટોપ સોલાર એનર્જી ઉત્પાદિત થાય તે માટે આયોજન કરાયું છે. આ પ્રોજેકટ વર્ષ ૨૦૧૨-૧૩માં રાજકોટ, સુરત, ભાવનગર અને વડોદરા સુધી વિસ્તારવાનું આયોજન છે.

DTH. TV રીમોટ મળશે
આપનું LED TV, LCD TV કલર TV
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫

તા. ૧૩/૪ થી સવારે ૧૧ વાગ્યાની બેચ (સે.૧૬)
તા. ૨૩/૪થી સાંજે ૫ વાગ્યાની બેચ ગ-૨ સર્કલ
તા. ૨૩/૪ સાંજે ૮ વાગ્યાની (કર્મચારી બેચ) સે.૧૬
ઉપરોક્ત કોઈપણ બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી The Leader...
H.O. : પહેલો માળ, હોટેલ 'સ્ટે-ઇન'ની બાજુમાં, ઘ-૫ નજીક, સે-૧૬.
ફોન : ૨૩૨ ૪૪૬૪૩ Branch : ગ-૨ સર્કલ,
(શાખાના એડમિશન માટે નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સે.૬ ખાતે મળવું
બંને તરફ ઓફીસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪થી ૮
રવિવારે સવારે ૮ થી ૧ H.O.ખુલ્લી રહેશે. સેલફોન નં. : ૯૩૭૫૧ ૬૦૮૪૮

# ગુજરાતને વોટરશેડ મેનેજમેન્ટમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ

અમદાવાદ,તા. ૨૧

ગુજરાતે વોટરશેડ મેનેજમેન્ટના ક્ષેત્રમાં પણ પણ મોટી હરણફાળ ભરી છે. ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીના જળ વ્યવસ્થાપન અંગેની દુરદર્શી નિતીના કારણે ફળદાયી પરિણામ મળ્યા છે. વોટરશેડ મેનેજમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતે વડાપ્રધાન એવોર્ડ જીતી લેવામાં સફળતા મેળવી છે. સારી બાબત એ છે કે વડાપ્રધાન સિંહ પણ ગુજરાતની આ કામગારીની પ્રશંસા કર્યા વગર રહી શક્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

Congratulations
to IGCSE and AS/A level students for getting admissions in College/Universities abroad.
Come
Become an International student
Join Cambridge University at GIPS.
ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન
તા. ૨૯-૦૪-૨૦૧૨, રવિવાર
સમય : ૧૦-૦૦ થી ૧૨-૦૦
રજીસ્ટર કરાવો ફોન/ઈમેઈલ/SMS
UNIVERSITY of CAMBRIDGE
International Examinations
We offer
CAMBRIDGE INTERNATIONAL EXAMINATION
Cambridge qualifications include O Level, checkpoint, IGCSE, Advanced Subsidiary level, Advanced level and professional diplomas.
GANDHINAGAR
International Public School
www.gipschool.com; e-mail - gips.school@yahoo.com
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Phone No : 079 23976821-22-23 Mo : 9925017160

જગ્યા ભાડે આપવાની છે
હોસ્ટેલ / હોટલ લાયક ૫૦,૦૦૦ ચો. ફુટનું બાંધકામ કોબા, ગાંધીનગર હાઈવે ઉપર જરૂરીયાત મુજબ ફેરફાર / ફીનીશિંગ શક્ય
સંપર્ક :૯૦૯૯૮ ૨૯૭૦૪
૯૮૭૯૩ ૯૮૮૩૧

PathiKashram
Fully Air Conditioned
HOTEL • RESTAURANT • BANQUET
(A Unit of Akash Infra Pvt.Ltd.)
Enjoy a warm Friendly Atmosphere in Sarbhara Restaurant, summer vacation-2012
Special Discount scheme in Multi cuisine Sarbhara Restaurant
Summer Vacation 2012
Call now to book your table
98795 49221
99250 23554
Opening hourse Mon-sun
11:00am to 3:00pm
7:00pm to 11:00pm
Nr.S.T.Depo., Gh-3 Circle, Gh Road, Sector No.11,Gandhinagar-382011
Gujarat (India) (P) : + 91-079-23243161, E-mail : Info@pathikashram.com




શહેરની ભીડભાડથી દૂર.....
અત્યાધુનિક જીવનશૈલી સભર.....
SHIVESH 182 VAVOL
2&3 BHK apartments
Developer
Dharmaja Infrabuild
www.dharmaja.com
CONTACT : 9909926961